# <u>‘હજાર ચોર્યાસીની મા’ નવલકથાની સમીક્ષા</u>

‘હજાર ચોર્યાસીની મા’ બંગાળી સાહિત્યના સુપ્રસિદ્ધ લેખિકા મહાશ્વેતાદેવીની જાણીતી નવલકથા છે. જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ નિસ્પૃહા દેસાઈએ આપેલ છે.
કોઈપણ આંદોલન સમાજમાં ખૂણે ખૂણે પોતાની જે અસરો છોડી જાય છે. તેનું સ્પષ્ટ ચિત્રણ આ નવલકથામાં છે. આ નવલકથાની રચનાભૂમિ બંગાળ છે. જેનો સમય ઈ.સ.૧૯૬૧ થી ૧૯૭૦ દરમિયાનનો છે. નક્સલબાડી આંદોલનથી પ્રભાવિત થયેલા કલકત્તા અને સમગ્ર બંગાળનો યુવાન વર્ગ ભદ્ર સમાજના દંભની સામે પડકાર ફેંકે છે. પોતાની જાતને સમાજ પરિવર્તન માટે સમર્પિત કરે છે તે ઘટના આ નવલકથામાં મુખ્ય છે તેની સાથે સાથે પોતાનું કુટુંબ સ્વજનો વગેરેના નક્સલબાડી આંદોલનમાં મૃત્યુ પામેલા યુવાનોના પ્રત્યાઘાતો તથા લાગણીઓનું સચોટ વેધક દર્શન અહી થાય છે.
ઉપરાંત લેખિકાએ કોઈપણ પ્રકારના આડમ્બર વિનાની; અલંકૃત ભાષાનો ઉપયોગ કર્યા વિના સરળ, સહજ ગંભીર ભાષામાં તેમણે બંગાળમાં સર્જાયેલી એક ભૂકંપ જેવી પરિસ્થિતિનો અસરકારક શૈલીમાં પરિચય કરાવ્યો છે.

## <u>૧) નક્સલબાડી આંદોલનને રજૂ કરતી કથા :-</u>

નવલકથાની શરૂઆત જ નક્સલબાડી આંદોલનમાં જોડાયેલા વ્રતી ચેટરજીની હત્યાના સમાચારથી શરૂ થાય છે. ૧૭ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ જન્મેલ વ્રતી ૨૦ વર્ષ બાદ ૧૭ જાન્યુઆરી ૧૯૬૮ના રોજ મૃત્યુ પામે છે. ભદ્ર કુટુંબનો આ છોકરો તેના જ કુટુંબની અર્થહીન વિચારશૈલીથી મુક્ત છે. તેને માનવજાતમાં અને માનવમૂલ્યોમાં શ્રદ્ધા છે તેને સમાજને મોતના મુખમાં ધકેલી રહેલા વ્યક્તિઓ પ્રત્યે સખ્ત નફરત છે. તે સ્વાર્થી, નફાખોર, વેપારીસમાજ અને કહેવાતા નેતાઓનો સખ્ત વિરોધી છે. તેનો વિરોધ તેને નક્સલબાડી આંદોલનમાં જોડે છે. સ્વાર્થી સમાજને કારણે જ સંઘર્ષની પરિસ્થિતિ ભોગવતા સમુ, વિજીત, નંદીની, પાર્થ, લલટુ તેના સમર્થક છે. માત્ર સગવડીયા કલાકાર, સ્વાર્થી સમાજ અને ગરીબો માટે જાણે સર્જાયા હોય તેવા કાયદાના તેઓ વિરોધી છે. સ્વતંત્રતા, સમાનતા અને માનવતા પર વિશ્વાસ જેવા મૂલ્યોને લઈને તેઓ ચાલે છે. સમાજમાં આદર્શ મૂલ્યોની તે સ્થાપના કરવા માંગે છે. તેને કારણે જ; જે સમાજનું શોષણ કરવા બેઠા છે તેવા વર્ગના લોકોના ક્રોધનો ભોગ બની તેઓની હત્યા થઈ જાય છે. તેઓના મૃત્યુની ભયાનકતાને દર્શાવીને લેખિકાએ નક્સલબાડી આંદોલનને આપણી સમક્ષ રજૂ કર્યું છે.
તેઓના મૃત્યુથી કોઈને ફરક પડતો નથી. તેઓની હત્યા એ માત્ર એવી ઘટના છે કે, કાલે જે જીવતા હતા તેવા કેટલાક હજારો છોકરા હવે નથી. ભદ્રવર્ગ આવા યુવાનોની હત્યા કરી પોતાના આવકના માર્ગને ચોખ્ખો કરે છે.

## ૨) માતૃવાત્સલ્યને રજૂ કરતી નવલકથા:-

આ નવલકથાનું શીર્ષક 'હજાર ચોર્યાસીની મા' જેની સાથે અવિભાજ્ય રીતે જોડાઈ ગયું છે તે કેન્દ્રસ્થ પાત્ર છે સુજાતા. સુજાતા ભદ્ર વર્ગની રૂઢીચુસ્ત વિચારોમાં બંધાયેલી, વિરોધ વિના, કશાય વિરોધ વિના, કોઈને નડ્યા વિના સહજ જીવન પસાર કરતી પરંપરાગત સ્ત્રી છે. તેના ચાર બાળકો પુત્ર જ્યોતિ, પુત્રી નિપા અને તુલી અને ચોથું બાળક વ્રતી છે. ચારેયમાં તે વ્રતીને અત્યંત ચાહે છે. વ્રતીનું અચાનક મૃત્યુ તેને આઘાત આપે છે. તેનાથી પણ વધારે જયારે વ્રતીની હત્યાને છુપાવી દેવામાં આવે છે ત્યારે તેને સૌથી વધુ આઘાત લાગે છે. વ્રતીની લાશનો નંબર 'એક હજાર ચોર્યાસી' ફક્ત નંબર જ તેની ઓળખ બની રહે તે સુજાતાને મંજૂર નથી. આ નવલકથાના ચાર પ્રકરણ સવાર, બપોર, સાંજ, રાત્રિ જ જાણે તેની સમગ્ર જિંદગીના અધ્યાય છે. સુજાતા વ્રતીની દરેકે દરેક ચીજ વસ્તુ ફરીથી સાચવે છે. તેના બંધ કરી દેવાયેલા ઓરડાને ફરીથી ખોલે છે. જાણે વ્રતીની જિંદગીને ફરીથી પામવાનો પ્રયત્ન કરે છે. પોતાનો સમય તે વ્રતીના ઓરડામાં વધારેમાં વધારે વ્યતિત કરે છે. વ્રતીના વિચારોને યાદ કરતી તે વ્રતી માટે પોતાના પરિવાર સામે, પતિ અને બાળકોની સામે જીવનમાં પહેલીવાર ખુલ્લો વિરોધ નોંધાવે છે. વ્રતી ઈચ્છતો હતો તેવી 'મા' બનવાનો પ્રયત્ન કરે છે.
વ્રતીને જે જે માણસો ઓળખે છે તેઓની પાસે જઈને પોતાના પુત્ર વ્રતીને વધુ ઓળખવાનો પ્રયત્ન કરે છે.

## ૩) ધનિક વર્ગમાં ચાલતા વ્યભિચારીની કથા :-

આ નવલકથા મોટે ભાગે ધનિક અને ગરીબી વર્ગ વચ્ચેનો ભેદ દર્શાવે છે. દીવ્યનાથનું ધનિક કુટુંબ સમાજના નેતાઓના અનેક અધિકારીઓના સ્વાર્થીપણા દ્વારા આ વર્ગમાં ચાલતા વ્યભિચારોને ખુલ્લા પડે છે. નવલકથાનું પાત્ર દીવ્યનાથનું જીવન સારી આર્થિક પરિસ્થિતિની વ્યાખ્યામાં આવી જાય છે. પોતાની આર્થિક પરિસ્થિતિ માટે તે કોઈને પણ ખરીદવાની કોશીશ કરે છે. તેના જ ઘરના વ્યક્તિઓ જ્યોતિ પોતાની પત્ની, બાળકના ભવિષ્ય સિવાય બહારની દુનિયામાં તેને ક્યાંય રસ નથી. પોતાની ધનવાનપણાની સ્થિતિ એવીને એવી બની રહે તે પૂરતા જ તે પ્રયત્ન કરે છે. દિવ્યનાથની દીકરી નિપા માત્ર ઘરની આર્થિક સ્થિતિને કારણે જ સ્વછંદી છે. પુત્રી તુલી પણ પોતાના સમાજ સેવા માટે જાગેલા ભાઈ વ્રતીથી સખ્ત નફરત કરે છે. તે જેને પ્રેમ કરે છે તે ટોનીને તેના માતાપિતા બહુ જ સ્પસ્ટ રીતે લોકોના શોષણ થકી આગળ આવેલા છે. તેની ભાવી સાસુ મિસિસ કાપડિયા જે રીતે પોતે જેને ઈષ્ટદેવ માને છે તેવા સ્વામીજીની જે વાતો કરે છે. ત્યાં માત્ર દંભ કરીને ધર્મના પડદા પાછળ સામાન્ય માણસને લૂંટનાર વ્યક્તિ તરીકે જ એ સ્વામીજીની ઓળખ થાય.
સમાજનો સરકારી વર્ગ, પગારદાર વર્ગ પણ પોતાની મુખ્ય ફરજો ભૂલીને બહુ સરળ રીતે પૈસાની લાલચમાં વ્યભિચાર આદરતો જોવા મળે છે. અહી આ વર્ગમાં અનેક એક કરતા વધારે સ્ત્રી સાથેના અનૈતિક સબંધો સાવ સ્વાભાવિક લાગે છે. જે કોઈપણ વાચકને તકલીફ આપે.

## ૪) આર્થિક અસમાનતાને દર્શાવતી નવલકથા:-

વર્તમાન સમયમાં જેના ઉપર સૌથી વધારે ભાર મૂકી રહ્યો છે. તેવી બાબત એ છે કે, ધનવાન વધુ ધનવાન અને ગરીબ વધુ ગરીબ થઈ રહ્યો છે એ હકીકતની પાછળ એક બીજું મહત્વનું પાસું જોઈ શકાય છે કે ઘણીવાર ધનિક વર્ગના શોષણને કારણે જ સામાન્ય કે ગરીબ વર્ગ આગળ વધી શકતો નથી. ‘હજાર ચોર્યાસીની મા’ નવલકથામાં લેખિકાએ દીવ્યનાથનું કુટુંબ, નંદીનીનું કુટુંબ અને અને સમુના કુટુંબના વર્ણન દ્વારા સ્પષ્ટ રીતે આર્થિક અસમાનતાનું ચિત્રણ કર્યું છે. સુજાતાનું ઘર ત્રણ માળનું છે. દરેકના પોતાના અલાયદા ઓરડા છે. લોકરમાં ઘરેણાં છે. લેખિકાએ બહુ જ સદા વિધાનોમાં સમુ અને વ્રતીના ઘરનો તફાવત બતાવી દીધો છે. જેમ કે, એક સામાન્ય મહોલ્લામાં જતી વખતે સુજાતા ખુબ ખચકાઈ હતી. વળી, જયારે તે મહોલ્લામાં આવીને સમુનું નામ લે છે ત્યારે લોકો એની તરફ આશ્ચર્યથી જુએ છે. તે જયારે સમુને ઘેર પહોચે છે ત્યારે;

“સુજાતાની કિંમતી સાડી, ભદ્ર ચહેરો, કાચા-પાકા વાળથી ઘેરાયેલો પ્રૌઢ ચહેરો, તેના પર છવાયેલી કુલીનતા-આ બધું જોઈને સમુની મા હેરતથી આંખો ફાડીને જોતી હતી.”
અહીં જ આર્થિક અસમાનતાનું એક સ્પષ્ટ ચિત્ર સમજાય છે. તેના ઘરની તૂટી-ફૂટી દશામાં બધું જ સ્પષ્ટ થઇ જાય છે. જેમ કે, સમુના ઘરની ચારે બાજુ ગરીબાઈની નિશાનીઓ ઉમટી પડી હતી. સમુની માએ જે સાડી પહેરી હતી તે લઈને સુજાતાની સામે આવી શકાય તેમ નહોતું. સુજાતાના આવવાથી એ અંદરથી કપડા બદલીને ભાર આવી, એ સાડી પણ જો આટલી ઘસાયેલી અને જર્જરિત હતી તો જે સાડી બદલી તે કેવી હશે?

ઓરડાની એકબાજુનું છાપરું નીચું નમી ગયું છે. એક ટેકા ઉપર એને ટેકવ્યું છે. ઓરડામાં દિવાન નથી નજરે પડતો. જમીન પર ચાર ઈંટો મૂકીને ઉપર એક પાટિયું મૂક્યું છે. ઓરડાના એક ખૂણામાં જ સગડી, બેચાર વાસણો ઊંધા વાળીને મુક્યા છે.
લેખિકાએ આ પરિસ્થિતિને ફૂટપાથ પર પડેલ દુષ્કાળથી પીડિત બાળકો કે નાળા પાસે ફરતા બિલાડીના બચ્ચાની જેમ (સાથે) સરખાવી છે જેના પર સતત મોતનો પડછાયો ફરે છે.
“દીવ્યનાથના કુટુંબ ઉપર એક નજર કરીએ તો તુલીની સગાઈને દિવસે તુલી અને નીપાએ એક સરખી ભૂરી બનારસી સાડી પહેરી છે. એક જ સરખો સેટ દીવ્યનાથ તરફથી બન્ને દીકરીઓને. વહુને આજના ખાસ દિવસ પર ભેટ તરીકે ત્રણ સાડી, ત્રણ સેટ અને નવસો રૂપિયા કરતા વધારે મળશે.”
તેમ છતાંય તેઓ ઘરેણાં માટે ઝગડે છે. એક તરફ દુનિયા માટે સમાજ માટે પોતાના હક્ક માટે કુરબાન થઇ જતા યુવાનો તો બીજી તરફ સમાજને શોષીને સંપત્તિ ભેગી કરીને ખિસ્સામાં પૈસા નાખતો ઘર ગાડી ખરીદનારો વર્ગ, મોંઘી વસ્તુઓ ખવા-પીવાવાળો વર્ગ બંનેનું અસરકારક ચિત્રણ લેખિકાએ આ નવલકથામાં કર્યું છે. નક્સલબાડી આંદોલન એ નવયુવાનોની બેકાર પરિસ્થિતિને કારણે જ હિંસાના સ્વરૂપમાં સળગી ઉઠેલું આંદોલન છે. આ આંદોલનમાં જોડાયેલા દરેક યુવાન આર્થિક સમાનતા સ્વરોજગારી અને માનવતાના મૂલ્યોનું સમર્થન કરે છે. એક ભણેલો ગણેલો યુવાન વર્ગ જયારે બેકારી ભોગવે ત્યારે, શોષણનો ભોગ બને ત્યારે તે બહુ જ સ્વાભાવિક રીતે તે સમાજ સામે વિદ્રોહ કરી બેસે છે. દરેક વ્યક્તિના ખાસ કરીને ભણેલ ગણેલ યુવાનના સ્વપ્નો ઉચ્ચ ધ્યેયના હોય છે. આ નવલકથા કેટલાક આવા જ યુવાન પાત્રો તે પછી વ્રતી હોય, સમુ, પાર્થ, વિજીત કે લલટું હોય કોઈનેય શોષણનો

ભોગ બનવું નથી. સ્વમાનપૂર્વક જવાબદારી પૂર્વક જીવવું છે. પરંતુ જયારે એમ નથી બનતું ત્યારે આ બધા યુવાનો નક્સલબાડી આંદોલનના કાર્યકર્તા બની જાય છે. બુલંદ સ્વરે શોષણખોર વર્ગ સામે તેઓ અવાજ ઉઠાવે છે. અને પરિણામે તેઓની હત્યા થઇ જાય છે.
આ યુવાનો સમાજના ખૂબ મોટા પ્રશ્ન સામે ઝઝૂમવા જતા પોતાના અસ્તિત્વને
પણ ગુમાવી બેસે છે.

**૫) સમાજમાં ફેલાયેલા ભ્રષ્ટાચારને દર્શાવતી નવલકથા :-**

આ નવલકથામાં મુખ્ય સમસ્યા શોષિત વર્ગની છે. લોકશાહી દેશમાં પ્રજા દ્વારા નિયુક્ત થયેલા નેતાઓ લોકશાહીનું રક્ષણ કરવાને બદલે પોતાના ભંડારો ભરવામાં પડ્યા છે. પ્રજાના રક્ષક એવા પોલીસ વર્ગની પણ એક કઠોર બાબતને લેખિકાએ નિરૂપી છે. લાંચ-રુશ્વતખોરીથી ખદબદતા અધિકારીઓ બધું જ જાણતા હોવા છતાં બહુ નિરાંત ધારણ કરે છે. કોઈપણ ઘટના તેઓના આત્માને ઝંઝોળતી નથી. સમાજમાં જ્યાં પણ આંદોલન કે તોફાનો ફાટી નીકળે છે ત્યાં બધું પૂરું થયા પછી જ તેઓ પહોચે છે. જાણે માત્ર લાશો ભેગી કરવા પહોચ્યાં હોય. તો દિવ્યનાથ જેવી વ્યક્તિ પોતે ચાર્ટર એકાઉન્ટર છે. ભયંકર ભ્રષ્ટાચાર કરે છે. ને તેમ છતાંય તે પણ આર્થિક પરિસ્થિતિ ન બગડે તેવી લક્ષ સેવે છે. દારૂ અને પાર્ટીમાં રચ્યોપચ્યો રહેતો આ વર્ગ ખરેખર તો સમાજ માટે કાઈ જ કરતો નથી. સુખી જીવનનો લોભ છોડતો જ નથી.

**૭) અસ્તિત્વને પડકારતી નવલકથા:-**

આ નવલકથાનું શીર્ષક સૂચવે છે તે પ્રમાણે ' એક હજાર ચોર્યાસીની મા' રહેલા બન્ને 'એક હજાર ચોર્યાસીની મા' શબ્દો અસ્તિત્વની ઓળખ વિનાના લાવારીશ જેવા અસ્તિત્વની પ્રબળ વેદનાને રજૂ કરે છે. તે માત્ર નંબર છે. તે કોઈ વ્યક્તિ ન હોઈ શકે અને તેનાથી કોઈની ઓળખ પણ કદાચ ન થઈ શકે. તેવી જ પરિસ્થિતિ આ નવલકથાના કેન્દ્રમાં છે. નવલકથાનું પાત્ર વ્રતીના વિચારો નક્સલબાડી આંદોલનને સમર્થન આપે છે. તેના વિચારો સંપૂર્ણપણે માનવતાવાદી છે. તેમ છતાં તેની હત્યા થઈ જાય છે. તેના ચહેરાને છુંદી નાખવામાં આવે છે. માત્ર તેની ગરદન ઉપરના લાખુથી તેની ઓળખ થાય છે. સમાજ માટે કઈક કરવાના ઉત્સાહથી બધું છોડીને નીકળી પડેલો યુવાન અને તેના બધા મિત્રો. અને ખાસ કરીને વ્રતીની ઓળખ સમો તેનો ચહેરો છુંદી નાખવામાં આવે ત્યારે સહુથી પ્રથમ એ વિચાર આવે કે,આ યુવાનના અસ્તિત્વનું મૂલ્ય શું? માત્ર એક નંબર 'હજાર ચોર્યાશી'.
નક્સલબાડી આંદોલનમાં કેટલાંય નામશેષ થઇ ગયેલા યુવાનોના અસ્તિત્વનું આ નવલકથાનું પાત્ર વ્રતી પ્રતિનિધિત્વ કરે છે. વ્રતીની મા જયારે તેને ઓળખવાની શોધ શરૂ કરે છે. ત્યારે તે પોતે અનુભવે છે કે, વ્રતીની જેમ તેના પોતાના અસ્તિત્વનું કોઈ જ મૂલ્ય નથી. લેખિકાએ બહુ જ સૂચક રીતે આ નવલકથાનું શીર્ષક આ બન્ને પાત્રો ઉપરથી આવેલું છે. નવલકથાના અંત સુધી અને અંતમાં આ બન્ને પાત્રો પોતાની ઓળખ ગુમાવી ચૂક્યા છે. માટે પણ આ અસ્તિત્વને પડકારતી નવલકથા છે.

**૮) ધર્મગુરુઓની ધર્માંધતાને પડકારતી નવલકથા:-**

આ નવલકથાના ચોથા પ્રકરણ 'રાત'માં તુલીની સગાઈની પાર્ટીમાં તેની ભાવી સાસુ મિસિસ કાપડિયા જે રીતે સ્વામીજીનો ઉલ્લેખ કરે છે. તેમાં સ્પષ્ટ રીતે બની બેઠેલા ધર્મગુરુઓનો પરિચય છે. મિસિસ કાપડીયાના શબ્દોમાં સ્વામીજી ભગવાન છે. તેમની મરજીથી જ સંસાર ચાલે છે તે કહે છે.

> "જયારે મેં સ્વામીજીને જોયા –તમે વિશ્વાસ નહિ કરો મારી અંદર કંઈક આગ જેવું સળગી ઉઠ્યું ત્યારે મેં જોયું કે સ્વામીજીના શિર પાછળ-પ્રભામંડળ-બિલકુલ બત્તીની જેમ પ્રકાશી રહ્યું હતું. પ્રકાશ હજારો સૂર્ય જેમ વધતો ગયો..."

તેનાથી મિસિસ કાપડીયાના આંતરચક્ષુ ખુલી ગયા હતા.

અન્ય ઉ.દા.જોઈએ તો સ્વામી પોતાનું વિમાન જાતે ચલાવી રહ્યાં હતા. એમણે એકવાર મારી સામે જોયું અને બોલ્યા આવો અમારી પાસે અને મને મિયામીમાં મળજો અમે ત્યાં જઈ રહ્યાં હતા એ તેમને ખબર પડી ગઈ તેમણે કહ્યું હતું. તું એ જ છોકરી છે જે તારા હાથમાંના પુસ્તકમાં છે 'કાળી છોકરી પરમાત્માની શોધમાં' મિસિસ કાપડિયા પોતે કાળા હતા અને સ્વામીજીએ તેમને ઈશ્વરની શોધ કરનારી છોકરી તરીકે ઓળખાવ્યા હતા. સ્વામીજીની જાહોજલાલી જેવી અને જે રીતે આલેખી છે. તેમાં જ તેઓની પોકળતાનો ખ્યાલ આવી જાય છે. જેમ કે, સ્વામીજીના બાળકો દિલ્હી, બોમ્બે, કલકત્તા, મદ્રાસમાં ઓફિસ ખોલવાના છે. છ હજાર લોકોને નોકરી આપવાના છે. પ્લેન અને હેલિકોપ્ટર ખરીદવાના છે. અને બધા સ્વામીજીને ફોલો કરશે તે મુજબની વાતચીતમાં પણ સ્વામીજીની પોકળતા સ્પષ્ટ થાય છે. સ્વામીજી કહે છે, મૃત્યુ કઈ જ નથી. ( જયારે વ્રતીનું મૃત્યુ કેટલું અર્થપૂર્ણ છે.) શરીર તો તમારું પણ નાશ પામશે સ્વર્ગમાં તમને લોકોને આત્મા મળશે ત્યારે તમે જોશો કે, તમારો પુત્ર એવો ને એવો જ છે. દીવ્યનાથને આ વાત જયારે મિસિસ કાપડિયા કહે છે. ત્યારે દીવ્યનાથ સ્વર્ગમાં વ્રતીને જોઈ શકશે તે બાબતથી આનંદ અનુભવે છે. હાથમાં દારૂના પ્યાલા સાથે આવી કહેવાતી અધ્યાત્મિક બાબતોને સીધી, સ્પષ્ટ રજૂ કરીને લેખિકાએ મર્મમાં ઘણું બધું કહી દીધું છે.

<u>૮) પતિ-પત્નીના આઘાતજનક પ્રત્યાઘાતો રજૂ કરતી નવલકથા:-</u>

દામ્પત્યજીવનની એક ગરીમા હોય છે. આ સંબંધો ફરજ કરતા લાગણીથી વધારે સચવાય છે. પરંતુ સમાજમાં માત્ર દેખાડા થકી પોતાના દામ્પત્ય જીવનને સાર્થક માનતા; પતિ પત્નીના તો પત્ની પતિના વ્યભિચારોને મૂંગે મોઢે સહન કરવામાં પોતાના લગ્ન જીવનને સાર્થક માનતા વર્ગની વાત દિવ્યનાથ-સુજાતા, જ્યોતિ-બીની, અને અમિત-નીપાના પાત્ર દ્વારા લેખિકાએ સ્પષ્ટ કરી છે.જે આશ્ચર્ય સાથે આઘાતજનક બને છે.